



# ૪૨મી વાર્ષિક સામાન્ય સભા

**શુક્રવાર, ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫, બપોરે ૩:૦૦ કલાકે**



## અધ્યક્ષ

## શ્રી જી.આર. અલોરિયા, આઈ.એ.એસનું

## નિવેદન

સ્થળ :

**ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ**

પી.ઓ. પેટ્રોકેમિકલ્સ : ૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા, ગુજરાત.

CIN : L24110GJ1973PLC002247

## શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,

આપણી કંપનીની ૪૨ મી વાર્ષિક સામાન્ય સભામાં હું આપ સૌનું હાર્દીક સ્વાગત કરું છું. વર્ષ ૨૦૧૪-૧૫ના ઓડિટ થયેલા નાણાંકીય પરિણામો અને બોર્ડનો અહેવાલ આપની પાસે છે, જે આપની અનુમતિથી હું વાંચી લીધેલા ગણી લઉં છું.

## વિશ્વનું તેમજ ભારતનું અર્થતંત્ર :

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, યુનાઈટેડ સ્ટેટ્સ કે જે વિશ્વમાં સૌથી મોટું અર્થતંત્ર ધરાવે છે તેઓએ બીજા દેશોની સરખામણીએ સારી વૃદ્ધિ દર્શાવી છે જ્યારે યુરો ઝોનના દેશોએ સામાન્ય વૃદ્ધિ નોંધાવેલ છે. ચીન અને જાપાનમાં પણ મંદી પ્રવર્તી રહેલ. ગ્રીસમાં પ્રવર્તતી ઋણ-કટોકટી વૈશ્વિક ધોરણે અતિશય ચિંતાનો વિષય બની રહ્યો, અને આ કટોકટીની પરિસ્થિતિ હજુ પણ ચાલુ છે. ખનીજ તેલ તેમજ ચીજવસ્તુઓની કિંમતમાં થયેલો ભારે ઘટાડો પણ ચિંતાનો વિષય રહ્યો છે જેની સમગ્ર વિશ્વના અર્થતંત્ર પર મોટા પ્રમાણમાં અસર થઈ છે વધુમાં યુએસ, યુરોપીયન યુનિયન અને જાપાનની કેન્દ્રીય બેંકો દ્વારા નાણાકીય પ્રવાહમાં વધારો કરાતાં વૈશ્વિક અર્થતંત્ર પર ભારે પ્રભાવ પડ્યો છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન વૈશ્વિક નાણાકીય બજારોમાં ભારે અસ્થિરતા જોવા મળી.

સદ્નસીબે, નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન, ભારતના અર્થતંત્રમાં સુધારો થયેલ છે અને હાલ ભારત વિશ્વના મોટા અર્થતંત્રો પૈકીના એક તરીકે ઊભરી રહ્યું છે જે મુખ્યત્વે આશાસ્પદ આર્થિક સંભાવનાઓ જેવી કે, અંકુશીત ફુગાવો, ખનીજ તેલની કિંમતમાં થયેલ ઘટાડો, મુડીરોકાણોમાં વૃદ્ધિ, સ્વદેશી વપરાશમાં વધારો અને પ્રવર્તમાન સુધારાની પ્રક્રિયા ચાલુ રાખવા માટેની સરકારની કટિબદ્ધતાના કારણે શક્ય બન્યું છે. ભારતના અર્થતંત્રની વૃદ્ધિની સંભાવનાઓ દૃઢ બની રહી છે. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) અને આર્થિક સહકાર અને વિકાસ સંસ્થા (OECD) સહિતના વિવિધ અંદાજો દર્શાવે છે કે આગામી વર્ષોમાં ભારત અતિ ઝડપે વૃદ્ધિ પામતા અર્થતંત્રો પૈકીમાંનું એક રહેશે. ઓઈસીડી દ્વારા માસિક આધારે પ્રકાશિત થતા "કંપોઝિટ લિડિંગ ઈન્ડીકેટર" જે આર્થિક પ્રવૃત્તિઓમાં અપેક્ષિત ટર્નિંગ પૉઈંટ દર્શાવે છે; તે ભારત માટે સપ્ટેમ્બર, ૨૦૧૪ના, ૯૯ સામે જાન્યુઆરી ૨૦૧૫માં ૯૯.૫ પરના આંક પર છે. અર્થતંત્રના પુનર્જીવનમાં સકારાત્મક નીતિને લીધે આંતરાષ્ટ્રીય નાણાંભંડોળે ઘરેલૂ ઉત્પાદનનો વૃદ્ધિદર નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ ના ૭.૩% પરથી ૨૦૧૫-૧૬માં ૭.૫% અંદાજેલ છે; જ્યારે ભારત સરકાર વર્ષ ૨૦૧૫-૧૬ માટે ૮.૫% ની વૃદ્ધિની અપેક્ષા રાખે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ભારતીય અર્થતંત્ર ૭.૩% વૃદ્ધિ પામ્યુ. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ઔદ્યોગિક ક્ષેત્રે ૪.૫% અને સેવા ક્ષેત્રે ૯.૧% ના થયેલ વૃદ્ધિની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં અનુક્રમે ૫.૯% અને ૧૦.૬% ની વૃદ્ધિ નોંધાયેલ છે. કૃષિ અને આનુષાંગિક ક્ષેત્રોમાં ૨૦૧૪-૧૫ દરમિયાન વૃદ્ધિદર ઘટીને ૧.૧% થયો છે જે વર્ષ ૨૦૧૩-૧૪ માં ૩.૭% હતો. નાણા, વિમો, બાંધકામ અને ધંધાકીય સેવાઓ સહિત બધા જ મુખ્ય સેવાક્ષેત્રોએ પણ સારી વૃદ્ધિ દર્શાવી છે. સેવાક્ષેત્રનું પ્રદાન, ગ્રોસ વેલ્યુ એડિશન (એકંદર મુલ્ય વૃદ્ધિ) (GVA) છેલ્લા ૩ વર્ષથી સતત વૃદ્ધિ પામી રહ્યું છે. જે વર્ષ ૨૦૧૨-૧૩માં ૪૯.૬% થી વધીને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૫૦.૯% તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ માં ૫૨.૭% રહ્યું છે. કૃષિ અને ઉદ્યોગોનું પ્રદાન એકંદર મુલ્ય વૃદ્ધિમાં (GVA) ગત વર્ષોમાં સાધારણ રહ્યું.

## ગુજરાતનો વિકાસ :

ગુજરાત દેશભરમાં સફળતા, શાંતિ અને સમૃદ્ધિનું અનુકરણીય ઉદાહરણ બની ગયું છે. ગુજરાતમાં મુડીરોકાણ કરવા માટેનો રોકાણકારોનો વિશ્વાસ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય બન્ને સ્તરે અનેકગણો વધી ગયો છે. ઉદ્યોગો તેમજ કૃષિ જે આર્થિક વિકાસની ચાવી છે તેને માટે ગુજરાત જરૂરી વિજળી અને માળખાકીય સગવડો પર્યાપ્ત પ્રમાણમાં પુરી પાડી રહ્યું છે. ગુજરાતે તેની વિકાસલક્ષી વિચારધારા, સમયસર અને સમજપુર્વકના આયોજન તથા અમલ દ્વારા સર્વગ્રાહી વિકાસ સાધી અર્થતંત્રમાં નોંધપાત્ર વિકાસ કરવાનો માર્ગ મોકળો કર્યો છે. વિશ્વના અર્થતંત્રમાં મંદી હોવા છતાં, ભારતના અર્થતંત્રમાં ગુજરાતે જે યોગદાન આપ્યું છે તેના લીધે સ્પર્ધાત્મક બજારમાં ભારત તરફ સૌનું ધ્યાન આકર્ષાયું છે. ગુજરાતની ઔદ્યોગિક નીતિ સુદૃઢ, સાતત્યપુર્ણ અને સંકલિત વિકાસ સાધવામાં મદદરૂપ નિવડે એ રીતે ઘડવામાં આવી છે. ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ આ માટે ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે છે. વધતી રહેલી ઔદ્યોગિક પ્રવૃત્તિના પરિણામે રાજ્યમાં બહોળા પ્રમાણમાં ધંધાકીય સંશાધનો ઉભા થયા છે. અને સમૃદ્ધિ વધી છે. મને ખાતરી છે કે આ બધા સકારાત્મક પાસાઓથી ગુજરાત 'મેક ઈન ઈન્ડિયા' વિઝનનું લક્ષ્ય હાંસલ કરવા ઘણા ઉદ્યોગો ઘરઆંગણે સ્થાપવા માટે માર્ગ મોકળો બનાવશે.

## કંપનીની સંચાલકીય અને નાણાકીય કામગીરી :

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫, ક્લોર આલ્કલી ક્ષેત્ર માટે પડકારરૂપ વર્ષ રહ્યું. કૉસ્ટિક સોડાની કિંમત નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના મોટા ભાગના સમયમાં ભારે આયાતના કારણે નીચી રહી. જોકે આપની કંપની, રાષ્ટ્રવ્યાપી વિતરણ નેટવર્ક, ઉત્કૃષ્ટ સંચાલન, ઉચ્ચ કાર્યક્ષમતા અને વ્યાવસાયિક વ્યૂહરચનાના અમલીકરણ દ્વારા ગળાકાપ હરીફાઈમાં ટકી શકી છે.

આપની કંપનીની બધી જ પેદાશોનું કુલ ઉત્પાદન ગત વર્ષના ૧૪,૨૫,૮૫૩ મે. ટન થી વધીને નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ૧૪,૪૭,૭૮૮ મે.ટન થયું છે જે ૧.૫૪%નો વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન આપની કંપનીએ વડોદરા સંકુલ ખાતે કૉસ્ટિક સોડા, ક્લોરોમિથેન્સ અને હાઈડ્રોજન પેરોક્સાઈડનું તેમજ દહેજ સંકુલ ખાતે હાઈડ્રોજન પેરોક્સાઈડ, પોલીઍલ્યુમિનિયમ ક્લોરાઈડ અને એનહાઈડ્રસ ઍલ્યુમિનિયમ ક્લોરાઈડનું અત્યાર સુધીનું સૌથી વધુ ઉત્પાદન હાંસલ કર્યું છે.

આપને જણાવતાં મને આનંદ થાય છે કે ગત વર્ષના રૂા. ૨૦૮૭ કરોડના ટર્નઓવરની સામે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન આપની કંપનીએ રૂા.૨,૧૫૭ કરોડનું ટર્નઓવર હાંસલ કરેલ છે જે કંપનીનું અત્યાર સુધીનું વિક્રમજનક વેચાણ છે. વર્ષ દરમિયાન કંપની તેનાં મુખ્ય ઉત્પાદનો જેવા કે કૉસ્ટિક સોડા ગ્રુપ, ક્લોરોમિથેન્સ, કૉસ્ટિક પોટાશ ગ્રુપ, હાઈડ્રોજન પૅરોક્સાઈડ, ફોસ્ફરિક ઍસિડ વિગેરેના વેચાણ જથ્થામાં પણ વધારો કરી શકી છે.

કંપની ગત વર્ષના રૂા. ૪૦૪ કરોડના કુલ નફાની સરખામણીમાં (EBIDTA), વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂા. ૩૨૩ કરોડનો કુલ નફો કરી શકી છે. ગત વર્ષના કરવેરા પહેલાના રૂા.૨૪૭ કરોડના નફાની સરખામણીમાં વર્ષ ૨૦૧૪-૧૫માં રૂા. ૨૧૫ કરોડનો કરવેરા પહેલાનો નફો કરેલ છે જે ૧૨.૯૦ %નો ઘટાડો દર્શાવે છે. આ નફાનો ઘટાડો મુખ્યત્વે વીજળીખર્ચમાં થયેલ આશરે રૂા. ૧૦૦ કરોડનો વધારો, કાચામાલનો ખર્ચ, કર્મચારી ખર્ચ અને કુદરતી ગૅસના ખર્ચમાં થયેલ વધારાને કારણે થયેલ છે, જ્યારે વેચાણ આવકમાં સમાન દરથી વૃદ્ધિ થયેલ નથી.

ગત વર્ષના રૂા. ૧૮૫ કરોડના કરવેરા પછીના ચોખ્ખા નફાની સરખામણીમાં આ વર્ષે રૂા. ૨૨૮ કરોડનો કરવેરા પછીનો ચોખ્ખો નફો થયેલ છે, જે ૨૩.૧૫% નો વધારો દર્શાવે છે. મેટ સ્ટેટ્સ (લઘુત્તમ વૈકલ્પિક કર)માં થયેલ સમાવેશ અને ડિફર્ડ ટૅક્સ પરત મળવાને કારણે આ વધારો થયો છે.

આપની કંપની ગત વર્ષના રૂા. ૨૫.૨૦ ની શેરદીઠ કમાણીની સામે, વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન રૂા. ૩૧.૦૩ની શેરદીઠ કમાણીમાં વધારો હાંસલ કરી શકી છે, શેરની ચોપડે કિંમત ગત વર્ષે રૂા. ૨૬૩/- પ્રતિ શેરની સામે આ વર્ષે રૂા. ૨૮૬/- પ્રતિ શેરની થઈ છે, આમ બુક વેલ્યુમાં શેરદીઠ રૂા. ૨૩/- નો વધારો થયેલ છે. કંપનીનું કુલ દેવું (ચુકવવા પાત્ર સિવાયનું) અગાઉના વર્ષે રૂા. ૧૫૬ કરોડ હતું જે ઘટીને રૂા. ૯૫ કરોડનું થયું છે. આમ મુડી દેવાના ગુણોત્તરમાં સુધારો થયો છે જે આગલા વર્ષે ૦.૦૮:૧ હતો તે ઘટીને આ વર્ષે ૦.૦૫:૧ થયો છે. આપની કંપની, ખર્ચ નિયંત્રણ પર ભાર, ઉત્પાદનોની કિંમતો પર

સતત દેખરેખ અને તેની સમીક્ષા, રેલ અને સમુદ્ર માલ પરિવહનની નવીન સુવિધા દ્વારા નવા બજારોની શોધખોળ તેમજ અન્ય પગલાંઓને કારણે, ઉપરોક્ત પરિણામો હાંસલ કરી શકી છે.

આપની કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન પ્રવર્તમાન અવરોધક પરિબળો હોવા છતાં રૂા. ૪૭૨.૫૬ કરોડનું વેચાણ હાંસલ કર્યું છે. જે ગત વર્ષના આ જ સમયગાળામાં રૂા. ૪૯૩.૯૧ કરોડ હતું. કરવેરા પહેલાનો નફો રૂા. ૫૬.૫૧ કરોડનો થયો છે, જે ગત વર્ષના આ જ સમયગાળામાં રૂા. ૭૩.૫૪ કરોડ હતો. કરવેરા પછીનો નફો રૂા. ૪૩.૯૯ કરોડનો થયો છે, જે ગત વર્ષના આ જ સમયગાળામાં રૂા. ૫૬.૯૫ કરોડ હતો.

## ડિવિડન્ડ :

આપની કંપનીના રૂા.૧૦ નો એક એવા સંપૂર્ણ ભરપાઈ થયેલા ૭,૩૪,૩૬,૯૨૮ ઈક્વિટી શેરો પર તા.૩૧ મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થયેલ વર્ષ માટેનું શેરદીઠ રૂા. ૪.૫૦ એટલે કે (૪૫%) ડિવિડન્ડ આપવાની આપના ડિરેક્ટરો ભલામણ કરે છે. જે ગત વર્ષે શેરદીઠ રૂા. ૪.૦૦ એટલે કે (૪૦%) હતું.

## બજાર વ્યવસ્થા :

આપની કંપનીની ઉત્પાદન શ્રેણીમાં ૩૭ ઉત્પાદનોનો સમાવેશ થાય છે, જેમાં મુખ્યત્વે આવક કૉસ્ટિક સોડા જૂથમાંથી થાય છે. તેથી કૉસ્ટિક સોડા અને ક્લોરિનના બજારની પરિસ્થિતિની કંપનીની કામગીરી ઉપર બહોળી અસર પડે છે. કંપનીએ તેની હાલની ઉત્પાદન શ્રેણી સાથે સુસંગત થાય એ રીતે આગળના ઉત્પાદનોનું સંકલન સાધીને પોતાની ઉત્પાદન શ્રેણીનું વિસ્તરણ કરવાનું ચાલુ રાખ્યું છે. કંપની હાલની ઉત્પાદન શ્રેણીની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરીને વધુ વિકાસ કરવાનું આયોજન પણ કરી રહી છે.

કંપનીએ દહેજ ખાતે, સોડિયમ ક્લોરેટ પ્લાન્ટ સફળતાપૂર્વક શરૂ કરેલ છે, જે 'એલિમેન્ટલ ક્લોરિન ફ્રી બ્લીચિંગ' માટે પેપર અને પલ્પ ઉદ્યોગમાં મુખ્યત્વે ઉપયોગમાં લેવાય છે. સોડિયમ ક્લોરેટ પ્રોડક્ટ એક આયાત વિકલ્પ છે. આ પ્લાન્ટ શરૂઆતની કેટલીક મુશ્કેલીઓનો સામનો કરીને હવે વ્યવસ્થિતપણે કાર્યરત થઈ ચુક્યો છે. કંપની ભારતીય બજારમાં આ નવા ઉત્પાદન સોડિયમ ક્લોરેટનું વિશેષ માર્કેટિંગ વ્યૂહરચના અપનાવી રહી છે.

કંપની નીચી કિંમતોએ વિવિધ ઉત્પાદનની આયાત તેમજ ડમ્પિંગની પરિસ્થિતિનો સામનો કરી રહી છે, આ પરિસ્થિતિ ઉત્પાદન ક્ષમતા, વપરાશ, કિંમતો વિગેરે પર અસર કરે છે.

કંપની વિશ્વવ્યાપાર સંસ્થા (World Trade Organization)ની માર્ગદર્શિકા મુજબ એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવા સહિતના સુધારણીય પગલાં લઈ રહી છે.

મને જણાવતાં આનંદ થાય છે કે આપની કંપની જીએસીએલ તેની માર્કેટિંગ વ્યુહરચનાના ભાગરૂપે તેના દહેજ પ્લાન્ટમાંથી કૉસ્ટિક સોડા લાય (CSL) ના પરિવહન અને અન્ય મૂલ્યવર્ધિત પ્રવાહી ઉત્પાદનોનું પરિવહન કરવા માટે પાઈપલાઈન દ્વારા દહેજ રેલવેયાર્ડ સુધી પહોંચાડવાનો પ્રારંભ કર્યો છે. ત્યારબાદ આ ઉત્પાદનો યાર્ડ ખાતે ભારતભરમાં પ્રસરેલા ગ્રાહકોને પહોંચાડવા માટે રેલ કન્ટેનર્સમાં ભરવામાં આવે છે. ૧.૯ કિમી લાંબી આ પાઈપલાઈન લોજિસ્ટિક ખર્ચ બચાવવા માટે અને લાંબા અંતર પરના વિવિધ ગ્રાહકોની જરૂરિયાત સંતોષવા માટે મહત્ત્વનું મૂડીરોકાણ છે.

આ પગલાંથી ભારતભરમાં સ્પર્ધાત્મક કિંમતે કૅમિકલ ક્ષેત્રે માલ પરિવહન વ્યુહરચના બાબતે જીએસીએલની એક નવી ઓળખ ઉભી થશે. આ નવી પાઈપલાઈન પ્રવાહી ઉત્પાદનોનો રેલ કાર્ગો મારફત હેરફેર કરવાનો સમય બચાવશે, જે એકંદરે ખર્ચ ઘટાડી વિવિધ કૅમિકલ ઉત્પાદનો સલામતપણે ભરવાની સમગ્ર પ્રક્રિયા સરળ બનાવશે.

ઉત્પાદનક્ષમતા સર્વોચ્ચ સ્તરે લઈ જવા કંપનીએ કેટલાક પગલાં ભર્યા છે. અને પૂર્વ ભારતના નવા બજારમાં પ્રવેશ કર્યો છે. આ સાથે મેસર્સ નેશનલ ઍલ્યુમિનિયમ કંપની લિમિટેડ (NALCO) અને મેસર્સ સેસાગોઆ, ઓરિસ્સાને સફળતાપૂર્વક પુરવઠો રેલમાર્ગે પહોંચાડ્યો છે. કંપનીએ કૉસ્ટિક સોડા લાયનો પુરવઠો રેલ દ્વારા સફળતાપૂર્વક નાગપુર (મહારાષ્ટ્ર) ખાતે પણ પહોંચાડ્યો છે, જ્યાં કંપનીએ નવું કન્સાઈન્મેન્ટ કેન્દ્ર સ્થાપિત કર્યું છે, આ પગલાંને કારણે જીએસીએલએ દુરના બજારમાં કે જ્યાં મોટો પરિવહન ખર્ચ થાય છે તેવા બજારમાં પોતાનું સ્થાન મજબુત બનાવ્યું છે.

કંપનીએ દરિયાઈ માર્ગનો વૈકલ્પિક રસ્તો પણ અપનાવ્યો છે, જે પ્રમાણે CSLનો જરૂરી જથ્થો કંપનીએ સ્થાપેલ ગુજરાત કૅમિકલ પોર્ટ ટર્મિનલ કંપની લિમિટેડ (GCPTCL), દહેજની સ્ટોરેજ ટૅન્કમાં પહોંચાડવાની વ્યવસ્થા કરેલી છે અને આ રીતે દરિયાઈમાર્ગે વહાણ દ્વારા મેસર્સ નેલ્કોને, CSLનો પુરવઠો મોકલવામાં આવે છે.

## ખર્ચ નિયંત્રણનાં પગલાં :

આપની કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન પ્રોક્યોરમેન્ટ ખર્ચ ઘટાડવા નીચેનાં પગલાં લીધાં છે, જે વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન પણ ચાલુ રહેશે.

૧. આપની કંપનીએ મેસર્સ એન-કોડ સોલ્યુશન મારફત ઈ-પ્રોકયોરમેન્ટ અને ઓનલાઈન રીવર્સ ઓકશન શરૂ કરેલ છે. જે યોગ્ય કિંમત અને ખરીદી ખર્ચમાં ઘટાડા માટે અસરકારક સાધન પુરવાર થશે.

૨. આપની કંપનીએ અમુક ઊંચા દરની વસ્તુઓ માટે 'ઓપન ટેન્ડર સિસ્ટમ' સફળતાપૂર્વક અમલી બનાવી છે. જેના પરિણામે ખરીદ ખર્ચમાં ઘટાડો થયો છે.

૩. આંતરરાષ્ટ્રીય સ્તરે ધાતુની કિંમતમાં હાલ પ્રવર્તતા ઘટાડાનો લાભ લેવા, ઉચ્ચ મૂલ્યના મુખ્ય કાચામાલ એલ્યુમિનિયમ ઈન્ગોટ્સને લંડન મેટલ એક્સેચેન્જ (LME) આધારિત કિંમતે મેળવવાનું શરૂ કરેલ છે. LME ખાતેના વિદેશી ઉત્પાદકો તરફથી એલ્યુમિનિયમની ન્યૂનતમ આંતરરાષ્ટ્રીય કિંમતનો લાભ લઈ એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ ની ખરીદી કરવામાં આવે છે.

૪. કંપનીના દહેજ સંકુલ માટે સારી ગુણવત્તાયુક્ત મીઠું ઓછા ખર્ચે પ્રાપ્ત કરવા, દરિયાઈમાર્ગે પરિવહન કરવાની યોજના કરવામાં આવી છે. ભવિષ્યમાં મીઠાની જરૂરિયાત અને પોર્ટની નજીક આવેલ દહેજ સંકુલને ધ્યાનમાં લઈ દરિયાઈમાર્ગે મીઠાનું પરિવહન કરવા યોજના હાથ ધરેલ છે.

## વિસ્તરણ તેમજ નવી પરિયોજનાઓ :

આપને જણાવતાં મને આનંદ થાય છે કે આપની કંપનીએ હાલની ઉત્પાદન શ્રેણીનું વિસ્તરણ કરવા નવી પરીયોજનાઓ હાથ ધરી છે તેમજ ક્ષમતાવૃદ્ધિ કરવા વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. કંપની ફોરવર્ડ ઈન્ટીગ્રેશન દ્વારા નવાં ઉત્પાદનો પ્રારંભ કરવાનું વિચારી રહી છે.

આ પરિયોજનાઓમાં કંપનીના વડોદરા સંકુલ ખાતે ક્લોરોમિથેનની ઉત્પાદનક્ષમતા પ્રતિદીન ૧૧૦ ટનથી વધારી પ્રતિદીન ૧૭૦ ટન અને પોટેશિયમ હાઈડ્રોક્સાઈડની ઉત્પાદનક્ષમતા પ્રતિદીન ૬૦ ટનથી વધારી પ્રતિદીન ૧૨૦ ટન કરવાનો સમાવેશ થાય છે.

આપની કંપની મેસર્સ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ (NALCO) સાથે સંયુક્ત સાહસ તરીકે દહેજ ખાતે કોલસા આધારિત પાવર પ્લાન્ટ સહિત નવો પ્રતિદીન ૮૦૦ ટનની ઉત્પાદનક્ષમતાનો કૉસ્ટિક સોડા પ્લાન્ટ સ્થાપી રહી છે. આ પ્લાન્ટમાંથી બનતા ક્લોરિનના લાભદાયી ઉપયોગ માટે દહેજ ખાતે એક નવો ક્લોરોમિથેન પ્લાન્ટ અને નવો ફોસ્ફરિક એસિડ પ્લાન્ટ સ્થાપવાનું પણ વિચારણામાં છે. તદ્ઉપરાંત, કંપની દહેજ ખાતે ક્લોરિન પાર્ક સ્થાપવાનું આયોજન કરી રહી છે, જ્યાંથી પાઈપલાઈન મારફત મોટા વપરાશકાર (બલ્ક કન્ઝ્યુમર્સ) યુનિટોને ક્લોરિન પૂરું પડાશે.

કંપની દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ કેમિકલ ટેકનોલૉજી (IICT), હૈદરાબાદના સહયોગથી હાઈડ્રોજન પેરોક્સાઈડનો કાચા માલરૂપે ઉપયોગ કરીને આયાતની અવેજી

કરતું ઉત્પાદન હાઈડ્રાઝિન હાઈડ્રેટ ઉત્પાદન કરવાની પરિયોજના સફળતાપૂર્વક પાર પાડી છે. પ્રતિદીન ૮૦૦૦ ટન હાઈડ્રાઝિન હાઈડ્રેટનું ઉત્પાદન કરવા માટેનો કૉમર્શિયલ પ્લાન્ટ પ્રાયોગિક ધોરણે વિકસાવેલ પ્રક્રિયા પૂર્ણ થતાં સ્થાપિત કરાશે.

વધુમાં આપની કંપની ફાર્માસ્યુટિકલ્સ, કૉસ્મેટિક્સ અને પર્સનલ કેર, લિક્વિડ ડિટર્જન્ટ, ઈપોક્સી રેઝિન્સ્ વિગેરેમાં વપરાતાં નવાં મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવવા માટેનાં પ્લાન્ટ્સ સ્થાપવાની શક્યતાઓ તપાસી રહી છે.

## સંશોધન અને વિકાસ :

કંપનનો સંશોધન અને વિકાસ વિભાગ, વ્યૂહાત્મક રીતે વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને લગતી કંપનીની સંશોધન અને વિકાસની પ્રવૃતિઓ હાથ ધરે છે. આપણે નવાં ઉત્પાદનો અને પ્રક્રિયાનો વિકાસ, પ્રક્રિયામાં સુધાર, ઉત્પાદન વૈવિધ્યતા, ખર્ચમાં ઘટાડો, આયાત અવેજી કરતાં ઉત્પાદનો, કુલિંગ વૉટર ટ્રીટમેન્ટ વિગેરે પર કાર્ય કરી રહ્યા છીએ. આ સંદર્ભે આપણે IICT, હૈદરાબાદના સહયોગમાં કેટલાક નવા પ્રોજક્ટ્સ પણ હાથ ધર્યા છે.

## પુનઃપ્રાપ્ય ઊર્જા :

વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન, ૧૦.૫ મેગાવોટ વિન્ડફાર્મ પ્રોજેક્ટ ફેઈઝ-૬, તા. ૧૮મી જુલાઈ, ૨૦૧૪ના રોજ કાર્યરત થયો, જેથી સ્થાપિત પવનઊર્જા ક્ષમતા ૧૧૫.૨૫ મેગાવોટ સુધી વધી છે. બીજો ૧૦.૫ મેગાવોટનો વિન્ડફાર્મ પ્રોજેક્ટ ફેઈઝ-૭, તા.૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ કાર્યરત થયો, જેથી કુલ સ્થાપિત પવનઊર્જા ક્ષમતા ૧૨૫.૭૫ મેગાવોટની થઈ છે. હરિયાળી તકનિકીની વિકાસપ્રક્રિયા ચાલુ રાખતા, કંપનીએ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૩૧ મેગાવોટના વિન્ડફાર્મ પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. આ પ્રોજેક્ટના અમલીકરણ બાદ કંપનીની કુલ સ્થાપીત પવનઊર્જા ક્ષમતા ૧૫૬.૭૫ મેગાવોટની થશે.

## સુરક્ષા અને પર્યાવરણ :

કંપની તેની નીતિ, સિદ્ધાંતો તેમજ સુરક્ષા અને પર્યાવરણને લગતાં વિધાનોનો સતત અમલ કરી રહી છે. કંપનીની ઔદ્યોગિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણને લગતા સિદ્ધાંતો, આપણી કંપનીના પરિસરની વિશેષ સ્વચ્છતા તેમજ પ્લાન્ટના આરોગ્ય અભિયાન સાથે સંકળાયેલ છે.

## કોર્પોરેટ ગવર્નન્સ :

સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી એવી સુચારૂ સંસ્થાકીય વહીવટ પદ્ધતિઓનું (Good Corporate Governance) પાલન કરવાનું જીએસીએલ સદાય સુનિશ્ચિત કરે છે. જે દ્વારા સંસ્થાકીય વિકાસનો લાભ સમગ્ર સમાજ પામી શકે. અમે દ્રઢ પણે માનીએ છીએ કે કંપનીની કામગીરીને પ્રોત્સાહિત કરવા માટે, મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરવા માટે તેમજ હિતધારકોના લાભ જળવાય એ સુનિશ્ચિત કરવા માટેનો આધાર કંપનીના સુદ્રઢ અને કાર્યક્ષમ વહીવટ પર રહેલો છે.

## સંસ્થાકીય સામાજિક જવાબદારી :

કંપનીએ સામાજિક વિકાસના પ્રોજેક્ટમાં પણ પોતાનું યોગદાન આપેલ છે, અને સ્થાનિક જનસમુદાય સાથે તથા સમગ્ર સમાજ સાથે ગાઢ સંબંધ બાંધ્યા છે.

આપણી કંપનીએ નિર્મળ ભારત અભિયાન - મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમગ્ર દહેજ ગામ માટે ભૂગર્ભ ગટર યોજના અને ગંદા પાણીના શુદ્ધીકરણ પ્લાન્ટની સુવિધાનો પ્રારંભ કર્યો છે તથા 'વડફેસ્ટ-૧૫' દરમિયાન ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓનો ડ્રમ ઈવેન્ટ સ્પોન્સર કર્યો હતો. જે પ્રસંગ દરમિયાન 'સ્વચ્છતા આહવાન' ('Awakening The Nation') માટે ડ્રમ વગાડવાનો કાર્યક્રમ યોજ્યો હતો.

શિક્ષણ અને તેને સંબંધિત પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરવા આપની કંપનીએ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (IITGN) ના વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમને સ્પોન્સર કર્યો હતો. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૧૪ દરમિયાન આપની કંપનીએ વલસાડ જિલ્લાના કપરાડા ગામે તથા વડોદરા જિલ્લાના નસવાડી ગામે શાળાના બાળકોને ૭,૪૧૦ સ્કૂલ બેગ્સ કીટ અર્પણ કર્યા હતા. આપની કંપનીએ વડોદરા સંકુલની આસપાસના વિસ્તારની શાળાઓ માટે મલ્ટીમીડિયા સિસ્ટમ (MMS) પણ પૂરી પાડી છે.

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન કંપનીએ, વડોદરા જિલ્લાની સરકારી શાળાઓ અને સરકારી સહાય પ્રાપ્ત શાળાઓના ૧,૦૦,૦૦૦ થી વધુ બાળકોને પોષક અને આરોગ્યપ્રદ મધ્યાહ્ન ભોજન હેઠળ અક્ષયપાત્ર ફાઉન્ડેશનને સંચાલકીય ખર્ચ માટે સહાય પ્રદાન કરી છે.

આપની કંપનીએ ડિસલેક્ષિયા (DYSLEXIA), ડિસ્કેલકુલિયા(DYSCALCULIA) અને ડિસગ્રાફીયા(DYSGRAPHIA) જેવી ભણવાની મુશ્કેલીઓવાળાં બાળકોને મદદ કરવા, 'ઓસ્મોસિસ પ્લે સેન્ટર એન્ડ એજ્યુકેશનલ ગેમ્સ લાઈબ્રેરી ટ્રસ્ટ', ભરૂચને સહાયતા પુરી

પાડેલ છે. તદ્ઉપરાંત, 'નવરચના વિશેષ ક્રીડા મહોત્સવ' (નેશનલ લેવલ બાસ્કેટબોલ ટુર્નામેન્ટ ફોર મેન્ટલી ચેલન્જ્ડ યંગ સ્પોર્ટ્સપર્સન) ખાતે આશરે ૪૨૫ સ્પેશિયલી એબલ્ડ સહભાગીઓને ભોજન સ્પોન્સર કર્યુ હતું, જેનું 'આયોજન નવરચના એજ્યુકેશન સોસાયટી' (NES) વડોદરા દ્વારા થયું હતું.

આપણી સંસ્થાકીય જવાબદારીઓના ભાગરૂપે આપણે વિભિન્ન હિતધારકોની જરૂરિયાતો જેવી કે ગ્રામવિકાસ, માળખાકીય સુવિધાઓ, શિક્ષણ, તબીબી અને જાહેર સ્વાસ્થ્ય વિગેરેને માનવ વિકાસ આંક (Human Development Index)માં વૃદ્ધિ કરવા માટે વિવિધ પ્રવૃતિઓ દ્વારા સંતોષવાનો પ્રયત્ન કરીએ છીએ.

## માનવ સંસાધન :

આપની કંપની માનવ સંસાધનને, સાતત્યપૂર્ણ વિકાસમાં ચાવીરૂપ વાહક અને મિલ્કત ગણે છે. હાલના અને ભવિષ્યની વિસ્તરણ પ્રવૃત્તિઓ માટે કંપની નિપુણતાના વિવિધ ક્ષેત્રોમાં યોગ્ય કર્મચારીગણ ધરાવવાની પ્રક્રિયા કરી રહેલ છે. કર્મચારીઓની ઉત્પાદકતા વધારવા, કર્મચારી સમૂહ માટે વિવિધ અભ્યાસ અને વિકાસની પહેલ પર કંપની ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

કંપની દ્વારા ઔદ્યોગિક સંબંધો જાળવવા માટે કાયદાકીય બાબતોનું પાલન અને કલ્યાણકારી પગલાંઓ સુનિશ્ચિત કરવામાં આવે છે. કંપનીએ ચાલુ વર્ષ દરમિયાન સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો સફળતાપૂર્વક જાળવી રાખ્યા છે.

## પ્રમાણપત્રો અને પુરસ્કારો :

મને જણાવતાં આનંદ થાય છે કે આપની કંપનીને વર્ષ દરમિયાન નીચે મુજબના ગૌરવવંતા સન્માન અને પુરસ્કારો મળ્યા છે.

(૧) નેશનલ સેફટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા દ્વારા કંપનીના વડોદરા સંકુલ માટે અસરકારક વ્યવસ્થાપન પ્રણાલી અને પ્રક્રિયા વિકસાવવા તેમજ તેના અમલીકરણ માટે સેફટી એવોર્ડ ૨૦૧૩- "સુરક્ષા પુરસ્કાર" ઓક્ટોબર ૨૦૧૪ માં મળેલ છે.

(૨) નેશનલ સેફટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા દ્વારા "પ્રશંસાપત્ર - ૨૦૧૪" પુરસ્કાર માર્ચ ૨૦૧૫માં મળેલ છે.

(૩) ગુજરાત સેફ્ટી કાઉન્સિલ દ્વારા "સર્ટિફિકેટ ઑફ ઓનર - ૨૦૧૩" પુરસ્કાર જાન્યુઆરી, ૨૦૧૫માં મળેલ છે.

(૪) ગુજરાત સેફ્ટી કાઉન્સિલ દ્વારા "સર્ટિફિકેટ એન્ડ રોટેટિંગ શીલ્ડ - ૨૦૧૩" પુરસ્કાર જાન્યુઆરી, ૨૦૧૫માં મળેલ છે.

**આભાર વચન :**

આપની કંપનીના નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી એ.એમ. તિવારી, IASને હું આવકારું છું. કંપનીના ડિરેક્ટર તરીકે ડૉ. જે.એન. સિંહ, IAS અને ડૉ. રાજીવ આઈ. મોદી તથા શ્રીમતી પલ્લવી એસ. શ્રોફને સ્વતંત્ર ડિરેક્ટરો તરીકે આવકારું છું. બોર્ડ ઑફ ડિરેક્ટર્સ વતી કંપનીના ભૂતપૂર્વ ચેરમેન ડૉ. વરેશ સિંહા, IAS (નિવૃત્ત), ભૂતપૂર્વ ચેરમેન શ્રી ડી. જે. પાંડિયન, IAS (નિવૃત્ત), પૂર્વ મૅનેજિંગ ડિરેક્ટર શ્રી અતનુ ચક્રવર્તી, IAS તેમજ પૂર્વ ડિરેક્ટરો ડૉ. હસમુખ અઢિયા, IAS અને શ્રી જી. સી. મુર્મુ, IAS નો હું આભાર માનું છું, જેઓના બહોળા અનુભવથી કંપનીને તેનો વિકાસ અને વૃદ્ધિમાં લાભ મળ્યો છે.

ડૉ. સુખદેવે પોતાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે પુનઃનિમણૂક માટેની અનિચ્છા વ્યક્ત કરી છે. ડૉ. સુખદેવે છેલ્લા ૧૦ વર્ષથી સ્વતંત્ર ડિરેક્ટર તરીકે કંપનીને આપેલા મહત્ત્વના યોગદાનની અત્રે હું કદર કરી નોંધ લઉં છું.

બોર્ડ પરના મારા અન્ય સાથીઓએ કંપનીના સંચાલનમાં આપેલ કિંમતી માર્ગદર્શન અને યોગદાન બદલ હું તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

અમારામાં મૂકેલા વિશ્વાસ બદલ કંપનીના આપ તમામ શેરહોલ્ડર્સનો હું આભાર માનું છું. આપની કંપનીના કર્મચારીઓએ તેમની વચનબદ્ધતા અને સમર્પણની ભાવના થકી આપેલ બહુમૂલ્ય યોગદાન માટે હું તેમનો પણ આભાર માનું છું.

કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ વતી અને મારા વતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર, ખાસ કરીને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રાલય, કંપનીના પ્રમોટર્સ, બૅન્કર્સ, રેટિંગ એજન્સીઓ, ઓડિટર્સ, ગ્રાહકો, એજન્ટ્સ, ડીલર્સ, સપ્લાયર્સ અને અન્ય હિતધારકો તરફથી કંપનીને સતત મળેલા મૂલ્યવાન સાથ સહકાર માટે તેઓ પ્રતિ હું આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

**જય હિન્દ**




Promoting Green Technology

ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

રજી. ઑફિસ : પી.ઓ. પેટ્રોકેમિકલ્સ : ૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા, ગુજરાત.

E-mail : cosec@gacl.co.in | Website : www.gacl.com